ગાંધીનગર સમાચાર
તા. ૪-૭-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### અફવાઓની અફડાતફડી

છેલ્લા કેટલાય દિવસોથી પાટનગર સહિત જિલ્લાના ગ્રામવિસ્તારોમાં તરેહ તહેરની અફવાઓ ઊડી રહી છે. મોં માથા વગરની આવી અફવાઓને કારણે જનસાધારણ ભયભીત બની ગયેલ છે. કયાંક ચટ્ટી બનિયાનધારી ચોરલૂંટારા કે આતંકવાદીઓ આવતા હોવાની વાત આવે છે તો કયાંક બાળકોના અપહરણની. ગામમાં અચાનક કશો અવાજ થાય કે લોકો શંકાશીલ બનીને હાથે ચડ્યું તે હથિયાર સજી રસ્તા પર આવી જાય છે. ડફેરો અને ચોરલૂંટારાઓની ગેંગો અગાઉ આસપાસના વિસ્તારોમાં આતંક મચાવી ગઈ હોવાનો ઈતિહાસ તાજો થઈ જાય છે. લોકમાનસમાં એક વાર શંકાનો કીડો પેસી જાય છે તે પછી એને કાઢવો મુશ્કેલ બની જાય છે. ગાંધીનગર જિલ્લા ઉપરાંત નજીકના અમદાવાદ અને સાબરકાંઠા જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં આવા શંકાસ્પદ વાતાવરણના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. આધુનિક ઈલેક્ટ્રોનિક ઉપકરણો, મોબાઈલ, એસએમએસ અને વોટ્સ એપની સુવિધાએ જ આ મોંકાણ સરજી છે. ખરેખર કોઈ ઘટના બની હોય અને એ મુદ્દે પ્રજામાં ભયની લાગણી સરજાય એ તો સમજી શકાય. પરંતુ અહીં તો કોઈએ માત્ર પરપીડન વૃત્તિથી મળતા નકારાત્મક આનંદ ખાતર અફવાનું પડીકું રોડવી દીધું તે સંચાર માધ્યમોની પવનપાવડીએ ચડી જંગલની આગની જેમ અત્રતત્ર સર્વત્ર પ્રસરી જાય છે. એથી જનસમુદાયમાં ભય ફેલાય છે. આતંકના વાતાવરણમાં કોઈ પણ માણસ એના કામને ન્યાય ન આપી શકે. બાળકો નિશાળે જતાં ફફડે છે. વાલીઓ ઊંચા જીવે રહે છે. શી ખાતરી કે અફવા સાચી નહીં હોય - એમ માનીને ઘણા વાલીઓ બાળકોને શાળાએ કે ટ્યૂશને મોકલતાં ખંચકાય છે. આવા સંજોગોમાં પોલીસની જવાબદારી વધી જાય છે તે સ્વાભાવિક છે. તંત્ર આવી અફવાઓનું પગેરું લઈ જવાબદાર તત્ત્વો સામે કડક પગલાં ભરે તે જરુરી છે. કર્મઠ પોલીસ અધિકારીની પ્રતિષ્ઠા ધરાવતા રેન્જ આઈજી હસમુખ પટેલે આ બાબત ગંભીરતાથી લીધી છે. એમણે જવાબદાર નાગરિકોને પણ નાઈટ રોનમાં પોલીસની સાથે જોતરવાનું પ્રશંસનીય પગલું ભર્યું છે. અફવાઓ પર ધ્યાન નહીં આપી, સાચી હકીકતની ખરાઈ કરીને તથા તાત્કાલિક પોલીસનું ધ્યાન દોરીને પ્રજાજનો આવી કાલ્પનિક આફતથી છૂટકારો મેળવી શકે. જરુર પડ્યે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા સ્વૈચ્છિક સંસ્થાઓનો પણ પોલીસ અને વહીવટીતંત્ર આવી સમસ્યા હલ કરવા સાથ લે તો આવી પરિસ્થિતિ પર જલદી કાબૂ મેળવી શકાશે. આ એક પ્રકારની સાઈકોલોજિકલ બિમારી છે. અહીં વ્યક્તિના 'એડિસ્ટ' - પરપીડન અભિગમનો શિકાર આખો સમાજ બની જાય છે. વળી અફવા તો પવનવેગી હોય છે - એટલે એને કુહા-કણભાથી લઈ પાલજ-અંબોડ અને તલોદ પ્રાંતિજ સુધી પ્રસરતાં વાર નથી લાગતી. સત્યની ખરાઈ કરવાને બદલે લોકોએ અફવાને સાચી માની લઈ એનો સામનો કરવા પ્રેરાય છે. મહાભારતના યુદ્ધમાં અશ્વસ્થામા નામનો હાથી મરાયો હતો માણસ નહીં પરંતુ. તેની ખાતરી કર્યા વગર જ ગુરુ દ્રોણે હથિયાર હેઠાં મૂકી દીધાં હતાં! અફવા એ દરેક યુગની 'નરો વા કુંજરો વા' વાળી ઘટના છે. માત્ર દૃઢ મનોબળ અને ચોકસાઈથી જ એને મહાત કરી શકાય.

# પ્રજાની સુખાકારી માટે સંકલ્પ કરીએ : આનંદીબેન

## સંવેદનશીલ તેમજ સમર્પિત કર્તવ્ય ભાવનાની સાથે કામ કરવાની જરૂર : ૩ દિવસ સુધી સમૂહ ચિંતન-મંથન થશે

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે મહાત્મા મંદિર પરિસરમાં રાજય સરકારની આઠમી ચિંતન શિબિરનોપ્રારંભ કરાવ્યો હતો.તેમણે ગુજરાતની પ્રશાસનિક કાર્યસંસ્કૃત્તિને સુશાસનના રોલ મોડેલ તરીકે પ્રસ્થાપિત કરતી ચિંતન શિબિરની આઠમી શુંખલાના પ્રારંભે સામાન્યમાં સામાન્ય માનવીના હિત-સુવિધાની વૃદ્ધિ અને સમસ્યાના નિવારણ માટેનું સંનિષ્ઠ, સામર્થ્ય કેળવીને સંવેદનશીલ અભિગમથી પ્રજા સમર્પિત ભાવ જગાવનારા સામૂહિક ચિંતન-મનના પરિણામકારી દિશાદર્શન આહવાન કર્યું હતું.



મુખ્યમંત્રીએ રાજયમંત્રી મંડળના મંત્રીઓ વરિષ્ઠ સચિવઓ જિલ્લા કલેકટર-વિકાસ અધિકારીઓ અને સનદી અધિકારીઓને ચિંતન શિબિરના પ્રારંભ અવસરે પ્રરેક માર્ગદર્શન આપતા સ્પષ્ટપણે જણાવ્યું કે આપણ દરેક કાર્યપ્રણાલી નિર્ણયો કે યોજનાઓનાં કેન્દ્રમાં સામાન્ય માનવીનું હિત સુખાકારી અને સમાજ સમસ્તનું સર્વગ્રાહી કલ્યાણ જ હોય તે આવશયક છે.આનંદીબેને ચિંતન શિબિરના નિષ્કર્ષ અને નિર્ણયોનો વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવાની પ્રેરણા આપતા જણાવ્યું કે શિબિરમાં હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ-માનવ વિકાસ સુચકાંકના બહુવિધ કાર્યોને ફોકસ કર્યા છે. તેથી આ વિઝન ડોક્યુમેન્ટ જિલ્લા-તાલુકા કક્ષાને પણ સાંકળી લઈને તૈયાર કરવાની સંકલિત માનવ વિકાસ સૂચકાંકની વૃદ્ધિના જનસુખાકારીના કામોની લક્ષ્યાંક પૂર્તિનો વ્યાપ વિસ્તારી શકાશે. આ સંદર્ભમાં તેમણે શૌચાલય નિર્માણ, કુપોષણમુક્તિ,આરોગ્ય સુખાકારી અને સફાઈ સ્વચ્છતાના કાર્યોને છે ક પાયાના સ્તર સુધી મળી રહેલી સફળતાની વિશદ છણાવટ હતી.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે જનસેવા જનસુખાકારીના કામોની આપીને સરનામુ જે નિર્ણયો - નીતી નિર્ધારણ કરે છે તેને જનતા જનાદિન અને સમાજ સમસ્તનું સમર્થન સમાજ શ્રેયાર્થે મળતું જ હોય છે અને લોકો પોતે આવા કાર્યોની સફળતાના સહભાગી બને છે.

મુખ્યમંત્રીએ જિલ્લાના તથા ફિલ્ડ અધિકારીઓને પોતાના ક્ષેત્રમાં થયેલા શ્રેષ્ઠ પ્રયોગોનું પરસ્પર સંકલન-શેરીંગ કરીને તેને વ્યાપક બનાવવાની પ્રેરણા આપતા કહ્યું કે આપણે તો સામાન્ય માનવીના હિતને જ આખરે સાકાર કરવું છે. તેમણે ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને લાભ મેળવ્ય બાદ તેમની આર્થિક સામાજિક સુધારાની સ્થિતિનું મુલ્યાંકન સ્ટડી કરવાના કેટલાક સફળ પરિણામકારી પ્રયોગોની સરાહના કરતાં આવા પ્રયોગો અને વિકાસના સમાજ હિત કાર્યો ટુકડે ટુકડે નહીં પણ સર્વગ્રાહી રીતે થાય તેવી હિમાયત કરી હતી.આનંદીબેન પટેલે ચિંતન શિબિરમાં જિલ્લા કલેકટર જિલ્લા વિકાસ અધિકારીઓને તેમના શ્રેષ્ઠ પ્રદાન બદલ પુરસ્કૃત કરવાની યોજના જેમ તાલુકા અધિકારી કે વર્ગ-૪ના અદના કર્મચારીને પણ તેના સંબંધિત ક્ષેત્રના શ્રેષ્ઠ યોગદાન માટે સન્માનવારી નેમ દર્શાવી હતી. મુખ્યમંત્રએ આ પરિપ્રેક્ષ્યમાં જિલ્લા-તાલુકા ચિંતન શિબિરોના નિષ્ફ રાજયસ્તરીય શિબિરમાં ચર્ચા-વિચારણા માટે લઈને ઠોસ પરિણામકારી નિર્ણયો-પ્રજાહિત કાર્યોની આવશ્યકતા સદ્રષ્ટાંત સમજાવ હતી.



સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડા ખાતે સવારે ૧૧ કલાકે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં કે.જી. થી ધોરણ ૧૦ (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ)ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તથા સંસ્થાના આચાર્ય, સુપરવાઈઝર અને શિક્ષકમિત્રો હાજર રહ્યા હતા. વૃક્ષો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે 'શ્રી સુકતમ્' અને દેવી ઉપનિષદનું પારાયણ કરવામાં આવ્યું હતું. 'વૃક્ષમાં વાસુદેવ' તથા 'છોડમાં રણછોડ'ના સુત્રોચ્ચાર કરાયા હતા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહસભર વૃક્ષ અને છોડવાઓનો ઉછેર કર્યો. જેમાં વૃક્ષોમાં કેક્ષાકરણ નહિ પરંતુ 'કેશવાકર્ષણ'ની સમજ આપી સંસ્થામાં ચંદન, આસોપાલવ, તુલસી, ઔષધિ છોડ જેવા અનેક છોડવાઓ રોપવામાં આવ્યા હતા.

### સેક્ટર-૨૩ ખાતે ઈન્ટેલ સાયન્સ ફેર ઓરીએન્ટેશન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

ઈનોવેટ સોશ્યલ રિસર્ચ ફાઉન્ડેશન અને નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા આજે ઈન્ટેલ સાયન્સ ફેર ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવશે. આજરોજ શનિવાર સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન સેક્ટર-૨૩ નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમમાં ઈન્ટેલ એજ્યુકેશનના તજજ્ઞ સોહિલ પટેલ, રૂચીત પટેલ ઈન્ટેલ સાયન્સ ફેર શુ છે, ભાગ લેવા શુ કરવુ સહિતની આઠ શાળાના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાશે. કાર્યક્રમમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓએ સંસ્થા ખાતે ઉપસ્થિત રહેવા જણાવ્યું છે.

### વિશ્વ વસ્તી દિન અન્વયે નવ દંપતી સેમીનાર

વિશ્વ વસ્તી દિન ઉજવણીના ભાગરૂપે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલોદરાના ચરાડા ગામે નવ દંપતીના સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૭૫ દંપતીઓએ ભાગ લીધો હતો. સૌ પ્રથમ તમામ આવેલ બહેનોના લોહીના ટકાની તપાસ લેબોરેટરી ટેકનીશિયન દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ મેડીકલ ઓફિસર ડૉ. યોગીની વ્યાસ અને આયુષ મેડીકલ ઓફિસર ડૉ. આનંદ બારોટ દ્વારા દંપતીઓને લોહીનાં ટકા (એચબી) શરીર માટે કેટલા જરૂરી છે અને સંતતી નિયમન કરવા શું કરવું તે સમજાવ્યું હતુ. વધુમાં વિશ્વમાં વસ્તી વધારાથી થતા નુકશાન બાબતે સમજ આપી હતી.

### હરિની દૃષ્ટિ...




સાહેબ ગુજરાતના હતાં પણ... 'ચાર મળે ચોટલા ભાંગે ઘરનાં ઓટલા' એ કહેવત ભૂલી ગયા લાગે છે...!!

### એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાની ગુણ ચકાસણીનું પરિણામ જાહેર

ગાંધીનગર, તા. ૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના પરીક્ષા વિભાગ દ્વારા એસ.એસ.સી.ની માર્ચ-૨૦૧૫ની બોર્ડની પરીક્ષાની ગુણચકાસણી માટે જે ઉમેદાવારોએ નિયત સમય મર્યાદામાં અરજી કરેલ છે તેમને ટપાલ મારફતે પ્રત્યુત્તર અપાઈ રહ્યા છે. ઉમેદવારોના ગુણમાં વધારો કે ઘટાડો હોય તેની યાદી બોર્ડની વેબસાઈટ www.gseb.org પર મુકવામાં આવી છે, આ યાદીમાં જેનું નામ, નંબર ના હોય તે ઉમેદવારના ગુણમાં કોઈ ફેરફાર થયો નથી. ગુણ ચકાસણીના પરિણામ પાસ થનાર ઉમેદવારોએ જુલાઈની પૂરક પરીક્ષામાં બેસવાનું રહેતુ નથી. જે ઉમેદવારોના એક-બે વિષયમાં સુધારણાને અવકાશ ધરાવતા હોય તેમણે આવેદનપત્ર ન ભર્યુ હોવા છતાં જુલાઈની પરીક્ષામાં બેસવા માટે આચાર્ય તથા જિલ્લાની ડીઈઓ કચેરીનો સંપર્ક સાધવા જણાવાયું છે.

### ખેલ મહાકુંભના વિજેતા ખેલાડીઓએ ઈનામની રકમ મેળવી લેવા જોગ

ગાંધીનગર, તા. ૩

જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા યોજવામાં આવેલ ખેલ મહાકુંભ ૨૦૧૪ની વિવિધ રમતોમાં ભાગ લીધેલ હોય અને જેઓ વિજેતા થયેલ હોઈ તેમને સરકાર દ્વારા નક્કી કરેલ ધોરણો મુજબ ઈનામની રકમ આપવામાં આવે છે. આ ઈનામની રકમ મેળવવામાં રહી ગયેલ હોય તેવા ખેલાડીઓને તેમના ઈનામની રકમના નાણાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી બ્લોક નં. ૧૯૦/૨, જી-૧, ટાઈપ, સેક્ટર-૩૦ની કચેરીમાં તેમના બેન્કના એકાઉન્ટ નંબર તથા ઓળખપત્ર લઈને રૂબરૂમાં સંપર્ક સાંધી દિન-૧૫માં નાણાં મેળવી લેવાના રહેશે. તદઉપરાંત મહાકુંભ - ૨૦૧૪માં શાળા દ્વારા કરેલ અન્ડર-૧૬ના ખેલાડીઓના રજીસ્ટ્રેશનના મળવા પાત્ર નાણાં મેળવવા માટે રજીસ્ટ્રેશન કરેલ ખેલાડીઓની વિગતો સાથે ભાગ લીધેલ દરેક શાળાએ આ કચેરીનો સંપર્ક સાધી દિન-૧૫માં નાણાં મેળવી લેવાનું રાખશો. ત્યારબાદ આવનાર વિજેતા ખેલાડીઓની ઈનામો અંગેની જવાબદારી આ કચેરીની રહેશે નહી. જેની સર્વે ખેલાડીઓએ નોંધ લેવા જણાવાયું છે.

### આજે સેક્ટર-૧૪માં નવા સખી મંડળનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૩

રાજ્ય સરકાર દ્વારા મિશન મંગલમ્ યોજના અંતર્ગત કૌશલ્યવર્ધક તાલીમ દ્વારા મહિલા શસક્તિકરણ અભિયાન હાથ ધર્યુ છે. આ અંતર્ગત આવતીકાલે ગાંધીનગરના સેકટર-૧૪ ખાતે નવા સખી મંડળનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાનાર છે. આ સમારંભના ઉદ્‌ઘાટક તરીકે મનપાના મેયર હંસાબેન મોદી તથા મુખ્ય મહેમાનપદે જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ ઉપસ્થિત રહેશે. સખી મંડળનું ઉદ્‌ઘાટન સે. ૧૪ નવરાત્રીચોક ખાતે ૩ થી ૫ વાગ્યા દરમ્યાન યોજાશે.

આ સમારંભમાં અધ્યક્ષપદે મનપાના વિરોધ પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા ઉપસ્થિત રહેશે. તેમજ અતિથિ વિશેષપદે ગુડાના ચેરમેન આશીષ દવે, કોર્પોરેટર્સ અશ્વિન વ્યાસ, જીતુ રાયકા, પરાગી પંડ્યા, દર્શના અડાલજા, સંત રોહિદાસ સેવા સમાજના પ્રમુખ એસ.એમ. રાઠોડ, મ્યુ. કમિશનર જી. આર. ચૌધરી, ડે. મ્યુ. કમિશનર બારીયા, મેડીકલ ઓફિસર હેલ્થ ડૉ. દિનેશ બારોટ અને મહિલા કન્સલટન્ટ રીતી ગોહિલ ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે વ્યવસાયલક્ષી અમલીકરણથી સખી મંડળોને સંગઠિત કરી વિવિધ પ્રકારની કૌશલ્યવર્ધક તાલીમ તથા તેમના દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના વેચાણ માટે સુસંગત બજાર સાથે સાંકળીને તેમની આજીવિકામાં વૃદ્ધિ લાવવાના સંનિષ્ઠ પ્રયાસથી મહિલા સશક્તિકરણ અભિયાનના લક્ષ્યને સિદ્ધ કરવા પ્રયત્ન હાથ ધરાયો છે.

### સ્વસ્તિક સોસાયટીમાં રવિવારે સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૩

સ્વસ્તિક સોસાયટી સેક્ટર-૨૭ ગાંધીનગર ખાતે તા. ૫મી જુલાઈ રવિવારે સાંજના સાડાચાર વાગે હોળી ચોકમાં ધો. ૧૦ અને ધો. ૧૨માં લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવાનો સમારંભ જિલ્લા પંચાયત ગાંધીનગરના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાશે. મુખ્ય મહેમાનપદે મહાનગરપાલિકાના કોર્પોરેટ શ્રીમતી જાગૃતિબેન મહેશભાઈ પુરોહિત અને અતિથિવિશેષ પદે શાસનાધિકારીશ્રી ચંદ્રકાંતભાઈ જાદવ તેમજ સેક્ટર-૨૭ના પ્રજાપતિ બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના દીદીશ્રી અંજનાબહેન ઉપસ્થિત રહી આશીર્વાદ પાઠવશે. આ પ્રસંગે ડાયાબીટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરેલ છે. સ્વસ્તિક સોસાયટીના પ્રમુખશ્રી કે.પી. પરમારે જણાવેલ છે.

### બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૩

બ્રહ્મભટ્ટ સમાજ ગાંધીનગરની યાદી જણાવે છે કે શ્રી બી.ડી. રાવ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત બ્રહ્મભટ્ટ જીવનસાથી પસંદગી સંમેલન તા. ૨૫મી ઓક્ટોબરના રોજ યોજાનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છિત યુવક-યુવતીઓના વાલીઓએ રૂ. ૫૦૦ ભરી ફોર્મ ભરવા માટે શ્રી વાસુદેવભાઈ એન. અજબાણીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે. સંપર્ક પ્લોટ નં. ૪૬૮/૨, સેક્ટર-૩-સી ગાંધીનગર, મો. ૯૪૨૮૦૨૯૫૪૦, છેલ્લી તારીખ ૨૦મી જુલાઈ છે.

### ગાંધીનગર ખાતે રવિવારે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર ખાતે છેલ્લા દોઢ વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. તા. ૫-૭-૨૦૧૫ રવિવારના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ના સર્કલ પાસે, ઉદ્યોગ ભવન નજીક, ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અમદાવાદ અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. માતૃભાષાના ગૌરવની પ્રવૃત્તિ તરીકે તથા સારાં પુસ્તકોના વાંચનનો પ્રસાર થાય, પુસ્તક આદાન-પ્રદાનની પ્રવૃત્તિ વિકસે, વિદ્યાર્થી પેઢી, યુવા પેઢીમાં વાંચનની ટેવ કેળવાય તે હેતુથી આ પુસ્તક પરબનું આયોજન કરવામાં આવે છે. ગુજરાતનાં વિવિધ શહેરો-ગામોમાં પુસ્તક પરબ યોજાય છે.

પુસ્તક પરબનો લાભ લેવા સર્વશ્રી કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મૂળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, ધૂર્જરી પ્રજાપતિ, દીશાંગ ગર્ગ વગેરે સહયોગીઓ તરફથી પુસ્તક ભાવકોને નિમંત્રણ છે.

# વાઘ - વ્યાપ અને વસ્તી ઘટાડો

**વન્યસૃષ્ટિ પરિચય**
*હેમંત સુથાર*

સર્વ જંગલી પ્રાણીઓની લોકપ્રિયતામાં જો કોઈ પ્રાણીને અગ્રક્રમે મુકવું હોય તો વાઘ (Tiger) ને મુકી શકાય. વાઘ આપણાં દેશ ભારતના રાષ્ટ્રીય પ્રાણી ઉપરાંત બાંગ્લાદેશ, વિયેટનામ, મલેશિયા અને દક્ષિણ કોરિયા જેવા દેશોમાં રાષ્ટ્રીય પ્રાણીનો પણ દરજ્જો ધરાવે છે.

પ્રાણીસૃષ્ટિના સસ્તન વર્ગના બિલાડી વંશનું માંસાહારી પ્રાણી વાઘ આ પૃથ્વી પર મુખ્યત્વે એશિયા ખંડના વિસ્તારોમાં જ જોવા મળે છે. આ પ્રાણીનો ઉદ્‌ભવ મધ્ય એશઈયાના મંચુરિયા ક્ષેત્રમાં થયેલો મનાય છે. ૧૬ થી ૧૮ લાખ વર્ષ પહેલા જાવામાં વાઘની ઉપસ્થિતિના ફોલિસરુપ પુરાવા પ્રાપ્ત થયેલ છે.

બિલાડી વંશ જેવું અંગ્રેજીમાં જૈવિકનામ ફેલિડે ફેમીલી તેના પૂર્વજ સેઉડેઈલરસ (Pseudailurus) મનાય છે. જેમાંથી સેબર ટુથડ કેટ અને હાલની બિલાડીઓનો ઉદ્‌ભવ થયો છે. બિલાડી વંશના કુલ ૩૬ જાતિઓમાં વાઘ, સિંહ, દિપડાં, સ્નો લેપર્ડ (દીપડા), કલાઉડેડ લેપર્ડ. જગુઆર અને ચિત્તા એમ ૭ (સાત) જાતિઓની બિલાડી મોટી બિલાડીઓ (Big Tiger) અને અન્ય ૨૯ પ્રકારની નાની બિલાડીઓ (Small Cats) એમ બે ભાગમાં વહેંચવામાં આવે છે. જેમાં માનવોની આસપાસ વસવાટ કરતી પાલતું બિલાડીઓનો પણ સમાવેશ થઈ જાય છે. પાલતું બિલાડીઓ માનવો સાથે ૧૦,૦૦૦ વર્ષથી જોડાઈ ગયેલ છે.

વાઘ વિશે વાત કરીએ તો વિશ્વમાં વાઘની કુલ ૯ (નવ) જાતિઓ જોવા મળતી હતી. આ પૈકી ૩ (ત્રણ) જાતિઓ લુપ્ત થઈ જવા પામેલ છે. ઈન્ડોનેશિયામાં જોવા મળતાં 'બાલી ટાઈગર' વર્ષ ૧૯૩૭માં, કેસ્પિયન દરિયાઈ વિસ્તાર ભાગમાં જોવા મળતાં 'કેસ્પિયન ટાઈગર' ૧૯૭૦માં અને જાવાના ટાપુઓ પર વસવાટ કરતાં 'જાવન ટાઈગર' વર્ષ ૧૯૭૯ બાદ જોવા મળેલા નથી.

વિશ્વમાં હાલમાં ખાસ કરીને એશિયાખંડના વિસ્તારોમાં જોવા મળતાં વાઘોની ૬ (છ) પ્રકારની જાતિઓમાં બેંગાલ એટલે કે ઈન્ડિયન, એમુર કે સાઈબેરિયન, ઈન્ડો ચાઈનીસ, ઈન્ડો સુમાત્રન, સાઉથ ચાઈના ટાઈગરનો સમાવેશ થાય છે.

આપણા ભારત દેશમાં બિલાડી વંશના ૧૫ (પંદર) જાતિના પ્રાણીઓ જોવા મળે છે. જેમાં વાઘ કદ અને વજનમાં સહુથી મોટો છે. કાટવર્ણી ટપકાવાણી બિલાડી ભારતની સહુથી નાની બિલાડી છે. જયારે જંગલી બિલાડી સમગ્ર ભારતમાં જોવા મળી શકે છે અને ચિત્તા આપણા દેશમાંથી લુપ્ત થઈ જવા પામ્યા છે. ગુજરાત રાજયમાં જોવાતાં એશિયાટીક સિંહને દેશમાં સહુથી વધુ ભય એટલે કે એન્ડેન્જર્ડ કક્ષામાં મુકવામાં આવેલ છે. આપણા ગુજરાતમાં ૭ જાતિની બિલાડીઓ જોવા મળે છે. એક સમયે સમગ્ર વિશ્વમાં વાઘ, સિંહ, દિપડો અને ચિત્તો એમ ૪ (ચાર) પ્રકારની મોટી બિલાડીઓ ફક્ત ગુજરાત રાજયમાં જોવા મળતી હતી. તે એક ગૌરવની વાત હતી. વર્ષ ૧૯૪૨ થી ચિત્તા ગુજરાતમાંથી લુપ્ત ફણ થયેલા છે તે આપણે સહુ જાણીએ છીએ. તેજ રીતે વર્ષ ૧૯૯૭માં રાજયમાં વાઘ હોવાના છેલ્લા પુરાવા મળ્યા હતા. ત્યારબાદ રાજયમાં વાઘની ઉપસ્થિતિના કોઈ પુરાવા નથી.

વાઘને અંગ્રેજીમાં ટાઈગર (Tiger) કહે છે. આ શબ્દ ઈરાન દેશની ફારસી ભાષાના 'ટિગરી' શબ્દ પરથી આવેલ છે. જેનો અર્થ 'તીર' થાય છે. સમગ્ર વિશ્વના વાઘની વસ્તીના ૭૦% જેટલા વાઘ આપણા ભારતમાં દેશમાં છે. વર્ષ ૨૦૧૪ની વસ્તી ગણતરી અંદાજ પ્રમાણે આપણા ભારત દેશમાં વાઘની વસ્તી ૨૨૨૬ નોંધાઈ છે. વર્ષ ૨૦૧૦માં તેની સંખ્યા ૧૭૦૬ જેવી હતી તે મુજબ દેશમાં વાઘની વસ્તીમાં ૩૦% જેટલો વધારો જોવા મળે છે. તે એક આનંદદાયક વાત છે. વર્ષ ૧૯૭૨માં દેશમાં વાઘની સંખ્યા ૧૮૦૦ની આસપાસ ખુબજ ઓછી થઈ ગયેલી જણાતાં સરકાર દ્વારા વાઘ સંરક્ષણ ક્ષેત્રે અસરકારક પગલાંરુપે વાઘને રાષ્ટ્રીય પ્રાણી તરીકે જાહેર કરીને દેશના વાઘની ઉપસ્થિતિ ધરાવતાં ૪૧ જેટલા વિસ્તારોને પ્રોજેક્ટ 'ટાઈગર રીઝર્વ' જાહેર કરીને સઘન દેખરેખ અને વ્યવસ્થાપન હેઠળની કક્ષામાં મુકવામાં આવ્યા છે. મધ્યપ્રદેશ રાજયમાં વાઘની વસ્તી દેશમાં સહુથી વધુ હોવાથી 'ટાઈગર સ્ટેટ'નો દરજ્જો અપાયેલ હતો પરંતુ હાલમાં આ રાજય કરતાં કર્ણાટક રાજયમાં વાઘની વસતી અન્ય વાઘ વસતી ધરાવતાં રાજયો કરતાં સહુથી વધુ છે.

'વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ફંડ' દ્વારા થયેલ અભ્યાસ પ્રમાણે છેલ્લા ૧૦૦ વર્ષમાં વાઘની વસતી ૯૫% જેટલી ઘટી જવા પામેલ છે. અગાઉ વાઘ જેટલા વિસ્તારમાં જોવા મળતાં હતા તેના ૪૦% જેટલા વિસ્તારમાં તેની ગેરહાજરી જોવા મળી રહી છે. બધા વાઘોમાં કદમાં નાનામાં નાનો છે તેવા સુમાત્રન ટાઈગરની વર્ષ ૧૯૭૮માં વસ્તી ૧૦૦૦ની આસપાસ હતી. જે વર્ષ ૨૦૧૪ની ગણતરી પ્રમાણે ૪૦૦ની આસપાસ છે. ઈન્ડો ચાઈનીસ ટાઈગર કે જે કંબોડિયા, ચીન, લાઓ પીર્ડીસર, મ્યાનમાર અને વિયેટનામમાં જોવા મળે છે. તેની વસ્તી વર્ષ ૨૦૧૦ના અંદાજ મુજબ ૭૦% જેટલી ઘટીને હાલમાં ૩૫૦ જેટલી રહેવા પામી છે. સાઉથ ચાઈના ટાઈગર વર્ષ ૧૯૫૦ માં ૪૦૦૦ ની આસપાસ હતા જેમાં ખુબ જ ચિંતાજનક ઘટાડો થઈને ફક્ત ૩૦ થી ૮૦ બચી જવા પામેલ હતા. વર્ષ ૧૯૭૯માં ચીન દ્વારા તેના શિકાર પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પરંતુ છેલ્લા ૨૫ વર્ષમાં તેની ઉપસ્થિતિના કોઈ જ આધારભૂત પુરાવાઓ પ્રાપ્ત થયેલ ન હોઈ વૈજ્ઞાનિકોએ તેને 'ફેકશનલી એકઝીટ' એટલે કે લુપ્ત જાહેર કરેલ છે. આજે સાઉથ ચીન ટાઈગર ક્રીટીકલી એન્ડેજર્ડ દશ જાતના પ્રાણીઓની યાદીમાં સામેલ છે.

મલાયન કે જે ઈન્ડોચાઈનીસ ટાઈગર તરીકે પણ ઓળખાતો હતો તેના વર્ષ ૨૦૦૪માં ડી.એન.એ. ટેસ્ટ બાદ તેને વાઘની એક અલગ જાતિ જાહેર કરવામાં આવેલ છે. તે વાઘ મલાયા પેનેશ્યુલા અને દક્ષિણ થાઈલેન્ડના અણુક ભાગોમાં જોવા મળે છે. તેની વસ્તી ૨૫૦ થી ૩૪૦ અંદાજવામાં આવે છે.

એમુર એટલે કે સાઈબેરીયન ટાઈગર કે જે સહુથી વજનદાર વાઘ મનાય છે. તે પૂર્વીય રશિયા, ઉત્તર ચીન અને કોરિયન પેનીશ્યુલા વિસ્તારમાં વ્યાપ ધરાવે છે. શિકારને કારણે તેની વસ્તી વર્ષ ૧૯૪૦માં ફક્ત ૪૦ જેટલી જ રહી હતી. પરંતુ રશિયા દ્વારા તેના રક્ષણ માટેના ઉત્તમ પગલાં લેવાતાં હાલમાં તે ૫૪૦ની આસપાસ પહોંચવા પામેલ છે. વિશ્વમાં આ જાતિના વાઘનો આ મોટામાં મોટો સમુહ છે જે વહેંચાયેલો નથી.

બાકી બચેલ વાઘની આ બધી જ ૬ જાતિઓ આજે ભયજનક પ્રાણીઓની યાદીમાં સામેલ છે. વાઘના મોટા પ્રમાણમાં થતાં શિકાર, વનનો વિનાશ, તેમના પર્યાવાસના ભાગલાં જેના કારણો તેના વિનાશનું કારણ બને છે. વિશ્વમાં વાઘ, સિંહ, દિપડા જેવી ૩૧ મોટી બિલાડીઓ (Big Cats) ની જાતિની વસ્તીમાં ૭૫% જેટલો ઘટાડો નોંધાયો છે. તે પૈકીની ૧૭ જેટલી મોટી બિલાડીઓની જાતિઓમાં વ્યાપ વિસ્તારમાં અડધો-અડધ એટલે ૫૦% ભાગમાં ઘટાડો થવા પામ્યો છે ત્યારે જોવાનું એ રહે છે કે માનવજાત વાઘના અસ્તિત્વને બચાવવા શું કરે છે?